eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 105**
**June 8, 2007**

## રાંદેર ઝોનમાં આપત્તિ વ્યવસ્થાપનની કાર્યશાળા

સુરત મહાનગર સેવા સદનમાં ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને UNDP ના સંયુકત પ્રયાસથી આફત જોખમ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત 'શહેરી ભૂકંપ નિર્ધારીતા નિવારણ કાર્યક્રમ'ના ભાગરૂપે રાંદેર ઝોન વિસ્તાર કે જે સુરતમાં આવેલ તાપી નદીથી અસરગ્રસ્ત નીચાણવાળો વિસ્તાર હોય, વિશેષ રાંદેર–અડાજણ વોર્ડ વિસ્તારના વોર્ડ પ્લાનનું પ્રેઝેન્ટેશન પણ કરવામાં આવ્યું હતું. સુરત મહાનગર સેવા સદનના નિચાણવાળા વિસ્તારો માટેનો (રાંદેર –અડાજણ ઝોન)ના લોકો માટેના એક દિવસીય 'પ્રાથમિક સારવાર તાલીમ' કાર્યક્રમ યોજાઈ ગયો.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "મેલેરિયા અને ડેંગ્યુ/ ચિકુનગુનિયા વિરોધી માસ" અંતર્ગત સુરત મહાનગર સેવાસદન ધ્વારા યોજવામાં આવેલ રેલી



ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જૂન–જુલાઈ માસને "મેલેરિયા અને ડેંગ્યુ/ ચિકુનગુનિયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગર સેવાસદન દ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગર સેવાસદન દ્વારા કરવામાં આવતી વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા.૦૧/૦૬/૦૭નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું, જે સવારે ૧૦–૦૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા, રેલ્વે સ્ટેશનથી નીકળી દિલ્હી ગેટ, ઉનાપાણી રોડ, લાલદરવાજા થઈ સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા, રેલ્વે સ્ટેશન પરત થઈ હતી.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## વ્યવસાય વેરા ઝુંબેશ

ગુજરાત સરકારનાં નાણાં વિભાગનાં તા.૩૦/૦૩/૨૦૦૭ નાં હુકમ અનુસાર વ્યવસાયવેરા સમાધાન યોજના–૨૦૦૭ અંતર્ગત તા.૩૦/૦૫/૨૦૦૭ નાં રોજ તમામ ઝોનમાં વ્યવસાયવેરો ભરવાની સવલત આપવા મહાનગર સેવા સદનનાં તમામ ઝોનમાં મેળાનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં અગાઉ મહાનગર સેવા સદન ધ્વારા જુદાજુદા ઝોનોમાં યોજવામાં આવેલ મેળામાં ખુબ જ સારો પ્રતિસાદ વ્યવસાયકર્તાઓ ધ્વારા મળવા પામેલ હતો અને હાજર રહેલા તમામ વ્યવસાયકર્તાઓને આવકારી નવા રજીસ્ટ્રેશન કરાવવા અને વેરો ભરપાઈ કરવા અપીલ કરી હતી.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુમન શાળાનું એસ. એસ. સી. નું પરિણામ

ગ.મા.શિ.બોર્ડ, દ્વારા માર્ચ–૨૦૦૭ માં લેવાયેલા ન્યુ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર કરવામાં આવેલ. જેમાં સુરત મહાનગર સેવા સદન સંચાલિત સુમન હાઈસ્કુલોએ માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા સુરત શહેર–જિલ્લાનાં કુલ પરિણામની સરખામણીમાં ઉંચુ પરિણામ પ્રાપ્ત કરી સુરત મહાનગર સેવા સદન તથા સુમન હાઈસ્કુલોનું ગૌરવ વધારેલ છે. સુરત મહાનગર સેવા સદન સંચાલિત ગુજરાતી માધ્યમની–૭ તથા મરાઠી માધ્યમની–૨ મળી કુલ–૯ સુમન હાઈસ્કુલો કાર્યરત છે. જે પૈકી સુમન હાઈસ્કુલ નં.૧ થી ૭ નાં કુલ–૭૨૫ પૈકી ૬૪૦ વિધાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગર સેવા સદન દ્વારા આફત, જોખમ, વ્યવસ્થાપન અંતર્ગત અઠવા ઝોનમાં કાર્યશાળા

સુરત મહાનગર સેવા સદન દ્વારા આફત, જોખમ, વ્યવસ્થાપન અને લોકભાગીદારી તેમજ લોકજાગૃતિનાં હેતુસર શહેરનાં વિવિધ વિસ્તારોની ઝુંપડપટ્ટીથી માંડી તમામ વિસ્તારોમાં શહેરી ભુકંપ નિર્ધારિતા નિવારણ કાર્યક્રમનાં ભાગરૂપે સેવા સદનનાં અન્ય વિભાગો સાથે મળીને જનજાગૃતિ કાર્યક્રમનું વોર્ડ/ઝોન કક્ષાએ અભિયાન ચલાવવામાં આવી રહેલ છે. ઉપરોકત જનજાગૃતિ કાર્યક્રમનું અઠવા ઝોન ખાતે આયોજન કરવામાં આવ્યું.



**વધુ માટે કલીક કરો >>>>>>**

## પર્યાવરણ સુધારણા અંતર્ગત વર્ષ– ૨૦૦૬ દરમ્યાન બેસ્ટ પ્રેકટીસ અંગેનો દુબઈ ઈન્ટરનેશનલ એવોર્ડ મેળવતી સુરત મહાનગર સેવાસદન

જૈવિક તબીબી કચરો ચેપી પ્રકારનો હોય તેનો નિકાલ અલાયદી રીતે કરવો હિતાવહ છે. આમ, સુરત શહેર અને તેની નવીકમાં આવેલ વિસ્તારમાં વૈવિક તબીબી કચરો ઉત્પન્ન કરતી સંસ્થાઓની સગવડ માટે વિવિધ તબીબી સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે સંયુકતપણે ચર્ચા– વિચારણા કરી સુરત મહાનગર સેવાસદનએ બાયોમેડીકલ વેસ્ટ (મેનેજમેન્ટ અને હેન્ડીંગ) રૂલ્સ ૧૯૯૮માં નિરૂપણ થયા મુજબના સ્પેશીફીકેશન સાથે BOOT ધોરણે જૈવિક તબીબી કચરાના નિકાલ માટે કેન્દ્રીય સવલત ઉભી કરવાનું નકકી કરેલ.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## કતારગામ ઝોનમાં નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત – વર્ષ – ૨૦૦૭ નિમિત્તે કરવામાં આવેલ કામગીરી

નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત – વર્ષ – ૨૦૦૭ નિમિત્તે નોર્થ ઝોન (કતારગામ) માં ઘનિષ્ટ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન અધિકારીઓ તથા લોકભાગીદારી કરી યોજાયો. આજ રોજ તા.૬/૦૬/૦૭ ના રોજ મ્યુ.સભ્યશ્રી યસોધરભાઈ ઠાકોરભાઈ દેસાઈ અને શ્રીકાનજીભાઈ નારણભાઈ રબારી, ઝોનનાં વડા ડે.કમિશ્નરશ્રી (પ. અને ઈ.), ઝોનલ ઓફિસરશ્રી, નાયાબ આરોગ્ય અધિકારીશ્રી, ડે.ઈજનેરોશ્રી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા કામદારો સાથે રહીને કતારગામ વોર્ડ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતા પૂર્વક પાર પાડેલ છે.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગર સેવા સદન આયોજીત ૩૫ મી નાટય સ્પર્ધા

સુરત મહાનગર સેવા સદન આયોજીત ૩૫ મી નાટય સ્પર્ધા સપ્ટેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં યોજવામાં આવનાર છે. સુરત શહેરની નાટય સંસ્થાઓ તથા કલાકારો આ નાટય સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશ પત્રો મહાનગર સેવા સદનના સાંસ્કૃતિક વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ, મહાનગર સેવા સદન મુખ્ય કચેરી સામે, મુગલીસરા, સુરત ખાતેથી મળશે. નાટય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશ પત્ર સાથે રૂા.૧૦૦૦/– ની ડીપોઝીટનો ચેક તથા નાટયકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી તથા સોફટ કોપી (સીડી) પ્રવેશ ફોર્મ સાથે તા.૧૫/૦૬/૦૭ સુધી સાંજે ૫:૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં મોકલી આપવાના રહેશે.

**વધુ માટે કલીક કરો >>>>>>**

# રાંદેર ઝોનમાં આપત્તિ વ્યવસ્થાપનની કાર્યશાળા

સુરત મહાનગર સેવા સદનમાં ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને UNDP ના સંયુકત પ્રયાસથી આફત જોખમ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત 'શહેરી ભૂકંપ નિર્ધારીતા નિવારણ કાર્યક્રમ'ના ભાગરૂપે રાંદેર ઝોન વિસ્તાર કે જે સુરતમાં આવેલ તાપી નદીથી અસરગ્રસ્ત નીચાણવાળો વિસ્તાર હોય, વિશેષ રાંદેર–અડાજણ વોર્ડ વિસ્તારના વોર્ડ પ્લાનનું પ્રેઝેન્ટેશન પણ કરવામાં આવ્યું હતું

સુરત મહાનગર સેવા સદનના નિચાણવાળા વિસ્તારો માટેનો (રાંદેર –અડાજણ ઝોન)ના લોકો માટેના એક દિવસીય 'પ્રાથમિક સારવાર તાલીમ' કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટરશ્રી, પદાધિકારીશ્રી, ઝોનલ ચીફશ્રી, ઝોનલ ઓફિસરશ્રી, ડિસ્ટ્રીક ડિઝાસ્ટાર મેનેજમેન્ટ ઓફિસરશ્રી, યુ.સી.ડી. ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી, ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસરશ્રી, સમાજ સંગઠકશ્રીઓ, તથા સહ સ્થાનિક મહિલા મંડળોના પ્રતિનિધિઓ તેમજ અંદાજિત ૧૧૫ સ્થાનિક લોકો એકત્રીત થઈ ડિઝાસ્ટર અંગે ખાસ કરીને પૂર પહેલા, દરમ્યાન તેમજ ત્યારબાદ શું કરવું, શું ન કરવું– પ્રાથમિક ચિકિત્સા તાલીમ તેમજ જરૂરી માર્ગદર્શક કીટમાં આટલુંતો જરૂર કરવુ, પૂર, પ્રાથમિક સારવાર વગેરે આપવામાં આવેલ હતા.

ઝોનલ ચીફ ધ્વારા વોર્ડ/ઝોન કક્ષાએ થયેલ તૈયારી, નિચાણવાળા વિસ્તારો, આશ્રય સ્થાનો, સ્થળાંતર માટે સહયોગ, આરોગ્ય જાળવણી વિગેરે સ્થાનિક વહિવટી તંત્રની તૈયારી અને સ્થાનિક લોકોના સહયોગ અંગે સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

TOP

## "મેલેરિયા અને ડેંગ્યુ/ ચિકુનગુનિયા વિરોધી માસ" અંતર્ગત સુરત મહાનગર સેવાસદન ધ્વારા યોજવામાં આવેલ રેલી

ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા જૂન–જુલાઈ માસને "મેલેરિયા અને ડેંગ્યુ/ ચિકુનગુનિયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગર સેવાસદન દ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગર સેવાસદન દ્વારા કરવામાં આવતી વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા.૦૧/૦૬/૦૭નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું, જે સવારે ૧૦–૦૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા, રેલ્વે સ્ટેશનથી નીકળી દિલ્હી ગેટ, ઉનાપાણી રોડ, લાલદરવાજા થઈ સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા, રેલ્વે સ્ટેશન પરત થઈ હતી. રેલીનું પ્રસ્થાન માનનીય મેયરશ્રી ડૉ. કનુભાઈ માવાણીના હસ્તે લીલી ઝંડી ફરકાવી કરવામાં આવ્યું. રેલીમાં સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ એમ.ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, રૂગ્ણાલય સમિતિના ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ પટેલ, મ્યુ. કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણા, ડેપ્યુટી કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હો.) ડૉ. આઈ.સી.પટેલ, નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ, ઈ.ચા.જંતુનાશક અધિકારી, આસી. જંતુનાશક અધિકારીઓ તેમજ વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારીગણે ભાગ લીધો હતો. રેલીને ઉદ્દબોધન કરતા માનનીય મેયરશ્રીએ જણાવ્યું કે મહાનગર સેવાસદન મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે જરૂરી તમામ પગલા લઈ રહી છે, ત્યારે આ રોગના અટકાયત માટે પ્રજા પણ જાગૃત થાય અને સાથ– સહકાર આપે તે જરૂરી છે. વધુમાં જયારે સુરત શહેરની ભૌગોલિક સ્થિતિ જોતાં અહીં વરસાદ, ભેજનું પ્રમાણ વધુ હોય, તેમજ પરપ્રાંતમાંથી રોજી–રોટી મેળવવા સુરત આવતા કામદારો વિગેરેને કારણે મેલેરિયાની પરિસ્થિતિ વણસે નહિ તે માટે મહાનગર સેવાસદને સતત ચાંપતી નજર રાખવી પડે છે. વધુમાં તેમણે જણાવ્યું કે, હજી લોકોમાં જાગૃતિ લાવવાની જરૂર છે. આ માટે તમામ નાગરિકોએ સહકાર આપવો જોઈએ. ઘર આગળ પાણીના ખાબોચીયા ન થવા દેવા જોઈએ. પાણી ભરેલા વાસણો અઠવાડિયે એક વાર સાફ કરી હવાચુસ્ત ઢ ાંકણ/કપડાથી ઢાંકવા જોઈએ. તાવ આવે ત્યારે નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર પર જઈ લોહીની તપાસ કરાવી સંપુર્ણ સારવાર લેવી જોઈએ, જેવી રસપ્રદ માહિતી આપી હતી.




રેલીના સમાપન બાદ શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ એમ. દેસાઈએ વાહકજન્ય રોગો વિષે વિસ્તૃત માહિતી આપી હતી, તેમાં મેલેરિયા, ડેંગ્યુ, ચિકુનગુનિયા અને હાથીપગા જેવા મચ્છરજન્ય રોગો વિષે મીડીયાને માહિતગાર કરેલ હતા, અને જાહેર જનતાને અનુરોધ કરેલ કે મચ્છરજન્ય રોગોને નિયંત્રણમાં રાખવા આપણા સર્વેની જવાબદારી છે. ઘરની ટાંકી, ટાંકાઓ હવાચુસ્ત ઢાંકણ વડે પેક રહે તથા ધાબા પર રહેલ ટાયર, કંટેનરનો નિકાલ કરવો જોઈએ. ધાબાનું લેવલ સરખું કરવાથી પાણીનો સહેલાઈથી નિકાલ થઈ જાય.

સમગ્ર રેલીનું આયોજન મ્યુ. કમિશ્નરશ્રીની સુચનાનુસાર ડે.કમિશ્નરશ્રી(હે. અને હો.) ડો. આઈ. સી. પટેલના માર્ગદર્શન હેઠળ ઈ.ચા. જંતુનાશક અધિકારી ડો. કે.જી.વૈષ્ણવ અને તેમના સ્ટાફના સાથ–સહકાર દ્વારા કરવામાં આવેલ હતું.

TOP

# વ્યવસાય વેરા ઝુંબેશ

ગુજરાત સરકારનાં નાણાં વિભાગનાં તા.૩૦/૦૩/૨૦૦૭ નાં હુકમ અનુસાર વ્યવસાયવેરા સમાધાન યોજના–૨૦૦૭ અંતર્ગત તા.૩૦/૦૫/૨૦૦૭ નાં રોજ તમામ ઝોનમાં વ્યવસાયવેરો ભરવાની સવલત આપવા મહાનગર સેવા સદનનાં તમામ ઝોનમાં મેળાનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં અગાઉ મહાનગર સેવા સદન ધ્વારા જુદાજુદા ઝોનોમાં યોજવામાં આવેલ મેળામાં ખુબ જ સારો પ્રતિસાદ વ્યવસાયકર્તાઓ ધ્વારા મળવા પામેલ હતો અને હાજર રહેલા તમામ વ્યવસાયકર્તાઓને આવકારી નવા રજીસ્ટ્રેશન કરાવવા અને વેરો ભરપાઈ કરવા અપીલ કરી હતી.

તા.૩૦/૦૫/૨૦૦૭ નાં રોજ મહાનગર સેવા સદનનાં તમામ ઝોન ખાતે સમાધાન યોજના અન્વયે ઝુંબેશ મેળાનાં આયોજન દરમ્યાન કુલ : ૨૦૬૦ વ્યવસાયીઓનાં નવા રજીસ્ટ્રેશન કરી તે પેટે રૂા.૩૩,૧૬,૨૧૦/–વસુલ કરવામાં આવેલ છે તથા કુલ : ૧૬૬ જુના રજીસ્ટ્રેશન પેટે રૂા.૨,૨૨,૬૫૦ /– ની વસુલાત થયેલ છે. આમ કુલ ૨૨૨૬ સંસ્થાઓ પાસેથી રૂા.૩૫,૩૮,૮૬૦/– વસુલાત કરવામાં આવેલ છે.

તા.૩૧/૦૫/૨૦૦૭ નાં રોજ મહાનગર સેવા સદનનાં તમામ ઝોન ખાતે સમાધાન યોજના અન્વયે કુલ : ૧૨૪૭ વ્યવસાયીઓનાં નવા રજીસ્ટ્રેશન કરી તે પેટે રૂા.૧૮,૫૧,૬૩૦/–વસુલ કરવામાં આવેલ છે.તથા કુલઃ૮૮ જુના રજીસ્ટ્રેશન પેટે રૂા.૧,૩૯,૬૫૦/– ની વસુલાત થયેલ છે. આમ કુલ ૧૩૩૫ સસ્થાઓ પાસેથી રૂા.૧૯,૯૧,૨૮૦/– વસુલાત કરવામાં આવેલ છે.

તા.૩૦/૦૫/૨૦૦૭ અને તા.૩૧/૦૫/૨૦૦૭ નાં રોજ કુલ : ૩૩૦૭ વ્યવસાયીઓનાં નવા રજીસ્ટ્રેશન કરી તે પેટે રૂા.૫૧,૬૭,૮૪૦/– વસુલ કરવામા આવેલ છે તથા કુલ : ૨૫૪ જુના રજીસ્ટ્રેશન પેટે રૂા.૩,૬૨,૩૦૦/– ની વસુલાત થયેલ છે. આમ કુલ : ૩૫૬૧ સંસ્થાઓ પાસેથી રૂા.૫૫,૩૦,૧૪૦/– વસુલાત કરવામાં આવેલ છે.

મહાનગર સેવા સદન દ્વારા વ્યવસાય વેરાની ઝુંબેશ ડોર ટુ ડોર સર્વે તથા જુદા જુદા ઝોનના કુલ–૧૫(પંદર) મેળાનું આયોજન કરી વ્યવસાય વેરા વસુલાત અંગેની કામગીરી તા.૨૮/૦૨/૨૦૦૭ થી તા.૩૧/૦૫/૨૦૦૭ સુધીમાં ૩૨૪૩૧ વ્યવસાયીઓનાં નવા રજીસ્ટ્રશન કરી તે પેટે રૂા.૩,૮૩,૨૫,૯૦૦/– વસુલ કરવામાં આવેલ છે તથા કુલ : ૩૨૬૫ જુનાં રજીસ્ટ્રેશન પેટે રૂા.૪૫,૫૭,૬૭૨/– ની વસુલાત થયેલ છે. આમ કુલ ૩૫૬૯૬ સંસ્થાઓ પાસેથી રૂા.૪,૨૮,૮૩,૫૭૨/– વસુલાત કરવામાં આવેલ છે.

સરકારી તિજોરીમાં જમા થયેલી રકમની સાથે આજ દિન સુધી રૂા.૭,૫૬,૬૭,૧૪૪/– વ્યવસાય વેરા ખાતે વસુલ લેવામાં આવેલ છે.

TOP

# સુમન શાળાનું એસ. એસ. સી. નું પરિણામ

ગ.મા.શિ.બોર્ડ, દ્વારા માર્ચ–૨૦૦૭ માં લેવાયેલા ન્યુ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર કરવામાં આવેલ. જેમાં સુરત મહાનગર સેવા સદન સંચાલિત સુમન હાઈસ્કુલોએ માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા સુરત શહેર–જિલ્લાનાં કુલ પરિણામની સરખામણીમાં ઉંચુ પરિણામ પ્રાપ્ત કરી સુરત મહાનગર સેવા સદન તથા સુમન હાઈસ્કુલોનું ગૌરવ વધારેલ છે.

સુરત મહાનગર સેવા સદન સંચાલિત ગુજરાતી માધ્યમની–૭ તથા મરાઠી માધ્યમની–૨ મળી કુલ–૯ સુમન હાઈસ્કુલો કાર્યરત છે. જે પૈકી સુમન હાઈસ્કુલ નં.૧ થી ૭ નાં કુલ–૭૨૫ પૈકી ૬૪૦ વિધાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે.

સુમન હાઈસ્કુલોમાં સૌથી વધુ ટકાવારી મેળવનાર શાળાઓની માહિતી નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) | ૯૮.૨૮% |
| (૨) | સુમન હાઈસ્કુલ નં.૨ (વરાછા) | ૯૬.૪૩% |
| (૩) | સુમન હાઈસ્કુલ નં.૫ (મરાઠી માધ્યમ–લિંબાયત) | ૯૩.૮૫% |
| (૪) | સુમન હાઈસ્કુલ નં.૧ (પાંડેસરા) | ૮૯.૩૧% |

તમામ સુમન હાઈસ્કુલો પૈકી પ્રથમ ત્રણ ક્રમાંકિત વિધાર્થીઓની ટકાવારી નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી ચિરાગ રજનીકાંત કાયસ્થ | ૮૭.૮૫% | સુમન હાઈસ્કુલ નં.૧ (પાંડેસરા) |
| (૨) | શ્રી દલસુખ સોલંકી | ૮૭.૦૮% | સુમન હાઈસ્કુલ નં.૨ (વરાછા) |
| (૩) | (૧) શ્રી ભાવેશ છગનભાઈ કાકલોતર | ૮૬.૯૨% | સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) |
| | (૨) શ્રી અમિતા મનસુખભાઈ વિરાણી | ૮૬.૯૨% | સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) |

વધુમાં સુમન હાઈસ્કુલ નં.૫ (લીંબાયત–મરાઠી માધ્યમ) શાળાએ ૯૩.૮૫% પરિણામ પ્રાપ્ત કરી સમગ્ર રાજયમાં મરાઠી માધ્યમની કાર્યરત શાળાઓ પૈકી પ્રથમ ક્રમ મેળવેલ છે.

TOP

# સુરત મહાનગર સેવા સદન દ્વારા આફત, જોખમ, વ્યવસ્થાપન અંતર્ગત અઠવા ઝોનમાં કાર્યશાળા

સુરત મહાનગર સેવા સદન દ્વારા આફત, જોખમ, વ્યવસ્થાપન અને લોકભાગીદારી તેમજ લોકજાગૃતિનાં હેતુસર શહેરનાં વિવિધ વિસ્તારોની ઝુંપડપટ્ટીથી માંડી તમામ વિસ્તારોમાં શહેરી ભુકંપ નિર્ધારિતા નિવારણ કાર્યક્રમનાં ભાગરૂપે સેવા સદનનાં અન્ય વિભાગો સાથે મળીને જનજાગૃતિ કાર્યક્રમનું વોર્ડ/ઝોન કક્ષાએ અભિયાન ચલાવવામાં આવી રહેલ છે.

ઉપરોકત જનજાગૃતિ કાર્યક્રમનું અઠવા ઝોન ખાતે આયોજન કરવામાં આવ્યું. શહેરના વોર્ડવાઈઝ પ્લાન પણ તૈયાર થઈ રહેલ છે. શહેરી ભુકંપ નિધારીતા નિવારણ કાર્યક્રમનાં ભાગરૂપે લોકોનું ક્ષમતાવર્ધન થાય તે હેતુસર વિવિધ આફતો જેવી કે પુર, વાવાઝોડું, ભુકંપ, વખતે દરમ્યાન પછીથી શું કરવું, શું ન કરવું વિગેરેથી માહિતગાર થાય તેમજ પ્રાથમિક સારવારથી સુસજજ થાય તેવા આશયથી કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે.

આજરોજ તા.૧/૦૬/૦૭ ના રોજ  સુમન સાંસ્કૃતિકભવન હોલ, અઠવા ઝોન ખાતે ડે.કમિશનર (સ્પે.) પ્રદિપસિંહ ઝાલાનાં અધ્યક્ષ સ્થાને કે જેઓ કાર્યક્રમનાં નોડલ ઓફિસર પણ છે, કરવામાં આવ્યું. સાહેબશ્રી દ્વારા પુર પશેલા દરમ્યાન પછી શું કરવું, ન કરવું જે અંગે પોતાના અનુભવ રજુ કર્યા. તેમજ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનના અધિકારીશ્રીઓ દ્વારા વોર્ડ/ઝોન કક્ષાનું આગોતરુ આયોજન રજુ કરવામાં આવ્યું. સુરત જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારી અને ઈન્ચાર્જ પ્રોજેકટ ઓફિસરશ્રી શૈલેષ જીયાણી દ્વારા સ્લાઈડ શો દ્વારા ગત વર્ષના અનુભવો ખાસ કરીને મોબાઈલનો વિવિકપુર્વક ઉપયોગ, સગર્ભા સ્ત્રીઓને હોસ્પિટલમાં દાખલ થવું વિગેરે જેવી સામાન્ય પરંતુ ઉપયોગી બાબતો કે જે ડે.કમિશ્નરશ્રી (સ્પે.) દ્વારા આગળનાં વર્ષોનાં અનુભવનાં આધારે સુચવવામાં આવેલ જે અંગે પ્રેઝટેન્શન રજુ કર્યુ. કાર્યક્રમમાં અઠવા ઝોન વિસ્તારનાં લોકોએ ખુબ જ ઉત્સાહપુર્વક ભાગ લીધો. કાર્યક્રમમાં ''આટલું તો જરૂર કરો'' પુર, પુર ''પ્રાથમિક સારવાર'' બુકલેટ તાલીમાર્થીઓને આપવામાં આવી.



## MASS AWARENESS Campaign under the UEVRP AT ATHWA ZONE

Surat Mahanagar Sevasadan has started a mass-awaireness Campaign under the UEVRP (Urban Earth quake-Valuerability reduction program) program and with support from the different departments of Surat Mahanagar Sevasadan.

The mass awareness program was held at South West (Athwa) Zone under the program ward level disaster management plans prepared at different zone of the city. Also as part of that the capacity building (specially on first aid training) and basic do's and don'ts of disaster (Mostly on flood and earthquake) was discussed with community, PRA (participatory rural appraisal) was also done under the program.

To day on dated 01/06/07, the Surat Mahanagar Sevasadan's Nodal office and Dy. Commissioner (Sp.) Shri Pradipsinh Jhala has attended the community awareness and first aid training program at Suman Sanskrutik Bhavan situated behind Pandit Dindayal Upadhyay Indoor stadium, South West (Athwa) Zone. He has given guidance on basic do's and don'ts. The other officers has presented their preplanning at Zone level. District Disaster Management officer Shri Shailesh Jiyani has presented a slide show on do's and don'ts and past experience on flood. The Surat Mahanagar Sevasadan's Staff and local community of Athwa Zone area have participated in the program with interest.

Atlu to jaror karo (do's and don's), flood and first aid booklet have been distributed to the participants.

TOP

## પર્યાવરણ સુધારણા અંતર્ગત વર્ષ– ૨૦૦૬ દરમ્યાન બેસ્ટ પ્રેકટીસ અંગેનો દુબઈ ઈન્ટરનેશનલ એવોર્ડ મેળવતી સુરત મહાનગર સેવાસદન

જૈવિક તબીબી કચરો ચેપી પ્રકારનો હોય તેનો નિકાલ અલાયદી રીતે કરવો હિતાવહ છે. આમ, સુરત શહેર અને તેની નવીકમાં આવેલ વિસ્તારમાં વૈવિક તબીબી કચરો ઉત્પન્ન કરતી સંસ્થાઓની સગવડ માટે વિવિધ તબીબી સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે સંયુકતપણે ચર્ચા– વિચારણા કરી સુરત મહાનગર સેવાસદનએ બાયોમેડીકલ વેસ્ટ (મેનેજમેન્ટ અને હેન્ડ઼ીંગ) રૂલ્સ ૧૯૯૮માં નિરૂપણ થયા મુજબના સ્પેશીફીકેશન સાથે BOOT ધોરણે જૈવિક તબીબી કચરાના નિકાલ માટે કેન્દ્રીય સવલત ઉભી કરવાનું નકકી કરેલ. જૈવિક તબીબી કચરાના નિકાલ માટે ખફફત ધોરણે ગુજરાત રાજય ખાતે આ પ્રકારનો પ્લાન્ટ સૌ પ્રથમ હતો. જયારે સમગ્ર દેશમાં મુંબઈ અને હૈદ્રાબાદ પછી આ પ્લાન્ટ ત્રીજા ક્રમે આવે છે. આ કામગીરી માટે ટેન્ડર મંગાવતા સૌથી ઓછા ભાવ આપનાર સ્થાનિક એજન્સી એનવિઝન એન્વીરો એન્જીનીયરીંગ પ્રા.લિ. માફરત આ સવલત સાત વર્ષના કન્સેશન પીરીયડ માટે જાન્યુ.૨૦૦૩ થી કાર્યરત છે. ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ જૈવિક તબીબી કચરાના કલેકશન ટ્રાન્સર્પોટેશન, ટ્રીટમેન્ટ અને ફાયનલ ડીસ્પોઝલની સમગ્ર જવાબદારી સબંધિત એજન્સીની છે અને સાત વર્ષના કન્સેશન પીરીયડ પ્રમાણે એજન્સીએ આ ફેસીલીટી ડીસેમ્બર – ૨૦૦૯ સુધી ચલાવવાની રહે છે.

આ પ્લાન્ટની સ્થાપના કરવા માટે એજન્સીની ભટાર ખાતે મ્યુનિ.સોલીડ વેસ્ટ ટ્રાન્સફર સ્ટેશનની બાજુમાં ૨૪૦૦ ચો.મી. જેટલી જગ્યા રૂ.૧/– પ્રતિ વર્ષ ચો.મી.ના ટોકન રેન્ટથી ફાળવવામાં આવેલ છે. જેના પર એજન્સી મારફત રૂ.૧૦૫/– લાખના ખર્ચે ઈન્સીનેટર, ઓટોકલેવ અને શ્રેડરની સુવિધા સાથે જૈવિક તબીબી કચરાનો નિકાલ માટેનો પ્રકલ્પ ઉભો કરેલ છે.

દુબઈ ઈન્ટરનેશનલ એવોર્ડ ફોર બેસ્ટ પ્રેકટીસ (DIABP) સમગ્ર વિશ્વમાં સીમાચિન્હરૂપ ગણાતા હોય તેવા પ્રકલ્પોને ઓળખવામાં ખૂબજ મહત્વનો ચાવીરૂપ ભાગ ભજવે છે. સને ૧૯૯૬ થી ૨૦૦૬ સુધીના સમયગાળામાં જુદા જુદા પાંચ વર્ષ દરમ્યાન વિવિધ ૧૪૦ દેશો માબફત કુલ ૨૭૦૦ વધુ પ્રકલ્પોનો બેસ્ટ પ્રેકટીસ અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે.

સને ૨૦૦૬ દરમ્યાન સ્વતંત્ર એવી ઈન્ટરનેશનલ ટેકનીકલ એડવાઈઝરી કમિટિ સમક્ષ રજુ થયેલ કુલ ૬૫૦ પ્રકલપો પૈકી સુરત મહાનગર સેવા સદન મારફત ખફફત ધોરણે પ્રસ્થાપિત સેન્ટ્રલ બાયો મેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસીલીટીને બેસ્ટ પ્રેકટીસનું બહુમાન પ્રાપ્ત થયેલ છે. વધુમાં સુરત મહાનગર સેવા સદન દ્વારા પ્રસ્થાપિત આ પ્રકારની કેન્દ્રીય સવલતનું બીજા શહેરો દ્વારા અનુકરણ થઈ શકે તે મુજબની તમામ સંલગ્ન માહિતીનું પ્રસારણ પણ વેબસાઈટ www.bestpractices.org પર પ્રસિધ્ધ થનાર છે.

આ સુવિધા હેઠળ અંદાજે ૧૭૦૦ હેલ્થ કેર યુનિટને સમાવી લેવામાં આવેલ છે. આ ફેસીલીટી પ્રસ્થાપિત કરવાનો ખર્ચ BOOT ઓપરેટર એનવીઝન એનવીરો એન્જીં.પ્રા.લિ. મારફત કરવામાં આવેલ છે. અને સુરત મહાનગર સેવા સદને ફકત ૨૪૦૦ ચો.મી. જેટલી જગ્યા ટોકન રેન્ટથી એજન્સીને ફાળવેલ છે. આ સુવિધા ચલાવવાનો ખર્ચ એનવીઝન એનવીરો એન્જીં.પ્રા.લિ. ભોગવે છે. સુરત મહાનગર સેવા સદન સંચાલિત તમામ અર્બન હેલ્થ સેન્ટર, મેટરનીટી હોમ, પેથોલોજીકલ લેબોરેટરી અને હોસ્પિટલો મારફત ઉત્પન્ન થતા જૈવિક તબીબી કચરાના નિકાલ માટે સુરત મહાનગર સેવા સદન પણ એજન્સીને નિયત દરે ચુકવણું કરે છે. આ નિયત દર હાલ રૂ.૧૦/– પ્રતિ કિ.ગ્રા. છે. જયારે આ સુવિધા ખાતે ખાનગી એજન્સી દ્વારા ઉત્પાદિત જૈવિક તબીબી કચરાના ુલ જથ્થાના ટ્રીટમેન્ટ માટે એજન્સી મારફત વસુલ લેવામાં આવતા ચાર્જ પૈકી ૮૭ પૈસા પ્રતિ કિ.ગ્રા. મુજબ થતી રકમ તેઓ સુરત મહાનગર સેવા સદનને રોયલ્ટી રૂપે ચુકવે છે. આ પ્લાન્ટ ખાતે ઓટોકલેવ (૧૨૫ કિ.ગ્રા. પ્રતિ કલાક) અને ઈનસીનેટર (૧૦૦ કિ.ગ્રા. પ્રતિ કલાક) ની ક્ષમતા સાથે બેસાડવામાં આવેલ છે. મોટી હોસ્પીટલો દ્વારા ઉત્પાદિત જૈવિક કચરાના જથ્થાના એકત્રિકરણ અર્થે આ એજન્સીએ ડોર ટુ ડોર કલેકશનનો વિકલ્પ ખુલ્લો રાખેલ છે. જયારે ઓછા પ્રમાણમાં જૈવિક તબીબી કચરો ઉત્પન્ન કરતી સંસ્થાઓ મારફત ઉત્પન્ન તથા કચરા માટે જુદા જુદા ૨૭ અર્બન હેલ્થ સેન્ટરમાં એકત્રિકરણ અને સંગ્રહ અર્થે અલાયદી વ્યવસ્થા રાખેલ છે. સુરત શહેરમાં ખાનગી કલીનીક, લેબોરેટરી, હોસ્પીટલો, મેટરનીટી હોમ મળી કુલ અંદાજે ૪૦૦૦ તબીબી સંસ્થાન કાર્યરત છે હમલ સુરત શહેરમાંથી અંદાજે ૭૫૦ કિ.ગ્રા. પ્રતિદિન જેટલા જથ્થામાં જૈવિક કચરો ફેસીલીટી ખાતે ટ્રીટમેન્ટ અર્થે આવે છે.

TOP

## કતારગામ ઝોનમાં નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત – વર્ષ – ૨૦૦૭ નિમિત્તે કરવામાં આવેલ કામગીરી

નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત – વર્ષ – ૨૦૦૭ નિમિત્તે નોર્થ ઝોન (કતારગામ) માં ઘનિષ્ટ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન અધિકારીઓ તથા લોકભાગીદારી કરી યોજાયો. આજ રોજ તા.૬/૦૬/૦૭ ના રોજ મ્યુ.સભ્યશ્રી યસોધરભાઈ ઠાકોરભાઈ દેસાઈ અને શ્રીકાનજીભાઈ નારણભાઈ રબારી, ઝોનનાં વડા ડે.કમિશ્નરશ્રી (પ. અને ઈ.), ઝોનલ ઓફિસરશ્રી, નાયાબ આરોગ્ય અધિકારીશ્રી, ડે.ઈજનેરોશ્રી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા કામદારો સાથે રહીને કતારગામ વોર્ડ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતા પૂર્વક પાર પાડેલ છે. જે અંતર્ગત કુલ–૦૮ ટીમો દ્વારા કતારગામ વિસ્તારમાં કાસાનગરથી મસ્જીદ મહોલ્લા રોડ તેમજ બક્ષી ફળીયુ, મધુકુંજ સોસાયટી, મસ્જિદ મહોલ્લાના ચોરાથી પાનીહારી રોડ, વાલાવાડી કુંભારવાડ થઈ હરી વાઘજીની ખડકી તરફનો રોડ, મહેતા પેટ્રોપંપની સામેની શેરી, વાલાવાડી તેમજ નવું ફળીયુ પોસ્ટ ઓફિસ બંને શેરીઓ, પોલિસ સ્ટેશનનો પાછળનો રોડ, કુંભારવાડાનો ચોરો, ટેકરા ફળીયુ, હરીવાઘજીની ખડકી થઈ બ્રાહમણ ફળીયુ અને ગાંધીચોક, મહાદેવ ફળીયાના ચોરાથી મહાદેવ ફળીયું, જપ્તી ફળીયુ તેમજ મસ્જિદ મહોલ્લો, કતારગામા લાયબ્રેરીથી જૈન દેરાસર થઈ મહાદેવ ફળીયુ અને કિલ્લા દેસાઈની ખડકી, બોરડી ફળીયુ, ઘાંચી ફળીયુ, દેસાઈ ફળીયુ અને હનુમાન મંદિરથી હનુમાન શેરી, લીંમ્બાચીયા ફળીયુ, પટેલ ફળીયુ, મોચી વાડ થઈ ડેરી ફળીયાના ચોરા થઈ કહાન ફળીયા સુધી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતાપૂર્વક પાર પાડેલ છે. જે અંતર્ગત કુલ–૦૮ ટીમો દ્વારા ઉપરોકત વિસ્તારોમાં ઘનિષ્ઠ સ્ક્રેપીંગ/બ્રશીંગ સહિત સફાઈ કામગીરી કરવામાં આવેલ સાથે આરોગ્ય વિષયક લોક જાગૃતિ અર્થે પ્રચાર/પ્રસાર કરવામાં આવેલ તેમજ ફાયલેરીયા–મેલેરીયા વિભાગ દ્વારા મેલેરીયા અંગેની જાણકારી તેમજ લાઈવ ડ્રમોસ્ટેશન દ્વારા લોકોને માહિતગાર કરવામાં આવેલ છે.

આ સફાઈ ઝુંબેશ દરમ્યાન ન્યુસન્સ કરતા ૪૧ ઈસમોને નોટીસ આપેલ છે. તથા વહીવટી ચાર્જ રૂા.૧૬૦૦/– વસૂલ લેવામાં આવેલ છે. ખાણી–પીણી લારી/હોટલ કુલ–૨૧ ચેક કરવામાં આવેલ છે. પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓ/માવાના કાગળો ૦૧.૫૦૦ કિ.ગ્રા. જપ્ત કરવામાં આવેલ છે. જંતુનાશક દવા ચુનો–૨૫ કિ.ગ્રા., મેલેથીઓન–૧૦ કિ.ગ્રા.નો છંટકાવ કરવામાં આવેલ છે.

આ ઝુંબેશમાં શ્રમદાન કરેલ જે જોઈને સ્થાનિક નાગરીકો પણ સ્વયંમ અભિયાનમાં જોડાઈને પોતાના વિસ્તાર સ્વચ્છ કરવામાં સહકાર આપવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગર સેવા સદન આયોજીત ૩૫ મી નાટય સ્પર્ધા

સુરત મહાનગર સેવા સદન આયોજીત ૩૫ મી નાટય સ્પર્ધા સપ્ટેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં યોજવામાં આવનાર છે. સુરત શહેરની નાટય સંસ્થાઓ તથા કલાકારો આ નાટય સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશ પત્રો મહાનગર સેવા સદનના સાંસ્કૃતિક વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ, મહાનગર સેવા સદન મુખ્ય કચેરી સામે, મુગલીસરા, સુરત ખાતેથી મળશે. નાટય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશ પત્ર સાથે રૂા.૧૦૦૦/– ની ડીપોઝીટનો ચેક તથા નાટયકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી તથા સોફટ કોપી (સીડી) પ્રવેશ ફોર્મ સાથે તા.૧૫/૦૬/૦૭ સુધી સાંજે ૫:૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં મોકલી આપવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

TOP